ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૭/૧૩૬૦૦૯/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૪/૦૭/૨૦૨૦.

## જાહેરનામુ

રાજ્યમાં ધ જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ હેઠળ દરેક જિલ્લાઓ માટે, કાયદા સાથે તકરારી બાળકોના સંબંધમાં સત્તાઓનો ઉપયોગ કરવા માટે તથા પોતાની ફરજો અદા કરવા માટે ઉક્ત એક્ટની કલમ-૪(૧) મુજબ રાજ્ય સરકાર દ્વારા જુવેનાઇલ જસ્ટિસ બોર્ડની રચના કરવાની જોગવાઇ છે. જુવેનાઇલ જસ્ટિસ બોર્ડમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અથવા તો ફર્સ્ટક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, જે પણ કિસ્સો હોય તે હોદ્દાની રૂએ ચેરપર્સન હોય છે તથા રાજ્ય સરકાર દ્વારા આ બોર્ડમાં બે સભ્યોની નિમણૂંક કરવમાં આવે છે. ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ ના નિયમ-૫(૧) મુજબ જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના સભ્યોની મુદત માટે ત્રણ વર્ષની જોગવાઇ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા તા.૨૭/૦૩/૨૦૧૭ના જાહેરનામાથી ભાવનગર, છોટા ઉદેપુર, સાબરકાંઠા, સુરત, પાટણ, દાહોદ, ગાંધીનગર, જામનગર, આણંદ, અરવલ્લી, મહેસાણા, ખેડા અને અમરેલી મળી કુલ-૧૩ જિલ્લાઓ માટે તથા તા.૧૫/૦૬/૨૦૧૭ના જાહેરનામાથી પોબંદર, નર્મદા, રાજકોટ, સુરેન્દ્રનગર, નવસારી, અમદાવાદ, કચ્છ, ભરૂચ, વડોદરા, વલસાડ, પંચમહાલ અને જુનાગઢ મળી કુલ-૧૨ જિલ્લાઓ એમ કુલ-૨૫ જિલ્લાઓ માટે જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ. આ બોર્ડની મુદત અનુક્રમે તા.૨૬/૦૩/૨૦૨૦ અને તા.૧૪/૦૬/૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલ છે.

હાલમાં કોરાના વાઈરસના કારણે ઉક્ત કુલ-૨૫ જિલ્લાઓ માટે જુવેનાઇલ જસ્ટિસ બોર્ડમાં સભ્યોની નિમણૂંકની પ્રક્રિયા રાહ હેઠળ છે. જેથી બાળકોના શ્રેષ્ઠહિતને ધ્યાનમાં લઈ ઉક્ત ૨૫(પચ્ચીસ) જિલ્લાઓ માટેના જુવેનાઇલ જસ્ટિસ બોર્ડમાં નિમણૂંક પામેલા સભ્યોની મુદત ખાસ કિસ્સામાં તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી લંબાવીને યથાવત રાખવા નિર્ણય કરવામાં આવે છે. આ બોર્ડ નિયમાનુસાર કાર્યવાહી કરશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીના તા.૨૪/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ બાદ રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. વી. દેસાઈ)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વે, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ (મારફતઃ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર).
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/ જિલ્લ પોલીસ અધિકારીશ્રીઓ.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લૉક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત તમામ જિલ્લાઓના જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના સભ્યો. (મારફતઃ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.

* **પત્ર દ્વારા.**